UGVCL


# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૪૦, એપ્રિલ - મે ૨૦૧૭




## યુજીવીસીએલ એમડીને દૂરદર્શન દ્વારા વિશેષ આમંત્રણ



## મહિલા કર્મચારીઓ માટે યોજાયો હેલ્થ સેમિનાર



## બહુચરાજી ખાતે ચૈત્રી પૂનમના મેળામાં સફળ વીજ વિતરણની વ્યવસ્થા



## સી.એસ.આર. પ્રોજેક્ટનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ



## યુજીવીસીએલ દ્વારા તેરમા કંપની દિનની ઉજવણી

# આ અંકમાં

વર્ષ–૬ અંક–૩૯,
એપ્રિલ – મે ૨૦૧૭
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી બી.એ. શાહ, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી આર. બી. શુક્લ, સિનિયર આસિસ્ટન્ટ

**તંત્રી મંડળ**
શ્રી એ. કે. મંગલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એ. કે. મંગલ, ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી વી. એમ. શ્રોફ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એચ. ડી. રાઠોડ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી એસ. પી. વૈદ્ય, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી એલ. એ. ગઢવી, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રૂફરીડિંગ :**
શ્રી પ્રણય વાવડીયા, નાયબ અધિક્ષક (સેક્રેટરિયલ)

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

## આ અંક આપને કેવો લાગ્યો?

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
rbshukla.cccell@gmail.com
cccell@ugvcl.com

## આ અંકમાં

**આમંત્રણ**

» યુજીવીસીએલ મેનેજિંગ ડિરેક્ટરને દૂરદર્શન કેન્દ્ર દ્વારા અતિથિ વિશેષ તરીકે ખાસ આમંત્રણ................ ૦૧

**ઉજવણી**

» યુજીવીસીએલ દ્વારા તેરમા કંપની દિનની ઉજવણી.........૦૫

**વિદાય**

» વય મર્યાદાને લીધે નિવૃત્ત થનાર કર્મચારી શ્રી એ.કે. મોદી, કાર્યપાલક ઇજનેરનો વિદાય સમારંભ..... ૦૬

**ઉદ્‌ઘાટન**

» સી.એસ.આર. પ્રોજેક્ટનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ.............. ૦૮

**હેલ્થ સેમિનાર**

» મહિલા કર્મચારીઓ માટે યોજાયો હેલ્થ સેમિનાર...........૧૦

**એવોર્ડ**

» ગુજરાત સીએસઆર એવોર્ડ્સ ૨૦૧૭ – એક વિશિષ્ટ પહેલ.................................... ૧૨

**સંક્ષિપ્ત સમાચાર**

» કંપની ખાતે જાતીય સતામણીના કિસ્સાઓ અંગે કમિટીની રચના...........................૧૩

» બહુચરાજી ખાતે ત્રિદિવસીય ચૈત્રી પૂનમના મેળામાં સફળ વીજ વિતરણની વ્યવસ્થા.................. ૧૪

» બહુચરાજી પેટા વિભાગીય કચેરી લાઈન સ્ટાફની જાગૃતતાથી મોટી દુર્ઘટના ટળી.......... ૧૫



**આપણું યુજીવીસીએલના આ અંકમાં બહુચરાજી પેટાવિભાગીય કચેરીના લાઈન સ્ટાફની જાગૃતતાથી મોટી દુર્ઘટના ટાળી શકઈ એ સમાચાર તરફ હું આપનું ખાસ ધ્યાન દોરું છું. આવા કર્મચારીઓ આપણી કંપનીનું ગૌરવ છે. મારી આપને આગ્રહભરી વિનંતી છે કે વીજ વિતરણ સંબંધિત કામ કરતી વખતે આપ સૌ સલામતીની મહત્તમ કાળજી લો.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

ફરી એકવાર ચોમાસુ નજીક આવી પહોંચ્યું છે. આપણા કૃષિપ્રધાન દેશ માટે સારું ચોમાસું હમેશાં બહુ મોટા આશીર્વાદરૂપ હોય છે. આપણા દેશમાં હજી પણ બહુ મોટા પ્રમાણમાં ખેતી વરસાદ આધારિત છે એથી આપણું અર્થતંત્ર પણ ઘણે અંશે સારા ચોમાસા પર આધારિત રહે છે.

જો કે, આપણે આપણી વીજ કંપનીના કાર્યક્ષેત્રની વાત કરીએ તો બહુ મોટા પ્રમાણમાં ખેડૂતો આપણા ગ્રાહકો છે. આપણે તેમને નિરંતર વિશ્વાસનિય વીજ પુરવઠો પૂરો પાડીને ખેડૂતોના પોતાના આર્થિક વિકાસની સાથોસાથ તેઓ દેશના વિકાસમાં પણ સક્ષમ યોગદાન આપી શકે તે સુનિશ્ચિત કરીએ છીએ. મારી આપ સૌને આગ્રહભરી વિનંતી છે કે આપણે સૌ ખેડૂતોની જરૂરિયાતો પ્રત્યે હમેશાં સજાગ રહીએ અને તેમને શક્ય તેટલી સારી સેવાઓ પૂરી પાડવા માટે પ્રયત્નશીલ રહીએ.

ચોમાસુ આવવાની સાથોસાથ ક્યારેક અણધાર્યા વધુ પડતા વરસાદ કે વાવાઝોડા જેવી આફતો સામે પણ આપણે સજ્જરહેવું પડશે. વર્ષ ૨૦૧૫નો આપણો અનુભવ છે કે બહુ ટૂંકા ગાળામાં વ્યાપક પ્રમાણમાં સમગ્ર ઉત્તર ગુજરાતમાં વરસાદ અને વાવાઝોડાની સ્થિતિ સર્જાતા રોજિંદો જીવન વ્યવહાર ખોરવાયો હતો તથા વીજ પુરવઠાને પણ મોટી અસર થઈ હતી. મને એ વાતનું ગૌરવ અને પૂરો સંતોષ છે કે આપણી કંપનીના તમામ સંબંધિત કર્મચારીઓએ રાત-દિવસ જોયા વગર વિષમ કુદરતી સ્થિતિઓનો સામનો કરીને પણ બહુ ટૂંકા સમયમાં વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કર્યો હતો. આ વર્ષે પણ નજીકના ભૂતકાળમાં પ્રિ-મોન્સુન વાવાઝોડાના કારણે સાબરમતી તથા હિંમતનગર સર્કલના વિસ્તારોમાં વિષમ પરિસ્થિતિ સર્જાયેલ. તેનું ટૂંકા સમયમાં નિરાકરણ લાવવામાં આવેલ તે બદલ કંપનીના તમામ કર્મચારીઓને બિરદાવું છું. આ વર્ષે પણ કોઈ પણ વિપરિત પરિસ્થિતિને પહોંચી વળવા આગોતરી તૈયારી કરીએ અને આફતના સંજોગોમાં શક્ય એટલી ઝડપથી સ્થિતિ પૂર્વવત્ કરવા માટે સજાગ રહીશું એવી હું અપેક્ષા રાખું છું.

આપણું યુજીવીસીએલના આ અંકમાં બહુચરાજી પેટાવિભાગીય કચેરીના લાઈન સ્ટાફની જાગૃતતાથી મોટી દુર્ઘટના ટાળી શકાઈ એ સમાચાર તરફ હું આપનું ખાસ ધ્યાન દોરું છું. આવા કર્મચારીઓ આપણી કંપનીનું ગૌરવ છે. મારી આપને આગ્રહભરી વિનંતી છે કે વીજ વિતરણ સંબંધિત કામ કરતી વખતે આપ સૌ સલામતીની મહત્તમ કાળજી લો. કંપની અને આપના પરિવાર માટે આપનું જીવન બહુમૂલ્ય છે.

સારા ચોમાસાની શુભેચ્છાઓ સાથે.

**બી.એ. શાહ,** આઇએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# યુજીવીસીએલ મેનેજિંગ ડિરેક્ટરને દૂરદર્શન કેન્દ્ર દ્વારા અતિથિ વિશેષ તરીકે ખાસ આમંત્રણ

### દર્શકોને ''ઉજાલા ગુજરાત'' યોજનાને લગતા વિવિધ પ્રશ્નો અંગે માહિતી આપેલ

દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદ દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી.એ. શાહ, આઈએએસને ડીડી ગિરનાર ચેનલ પર પ્રસારિત કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

આ ખાસ આમંત્રણને માન આપીને શ્રી શાહે દૂરદર્શનના કાર્યક્રમમાં હાજર રહેવાની પોતાની સંમતિ દર્શાવી હતી.

તા. ૦૪ એપ્રિલ ૨૦૧૭ના રોજ સાંજે ૬ વાગ્યાથી ૬.૩૦ વાગ્યા સુધી દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદની ડીડી ગિરનાર ચેનલ પર પ્રસારિત થનારા કાર્યક્રમમાં ગુજરાત સરકારશ્રીની પહેલ એવી ''ઉજાલા ગુજરાત'' યોજના વિષે દર્શકોને માહિતી મળી હતી અને તજજ્ઞોની હાજરીમાં વિચાર વિમર્શ પણ થયો હતો.

જે દર્શકો આ કાર્યક્રમ સાંજે ૦૬ વાગ્યાથી ૦૬.૩૦ વાગ્યા સુધીમાં પ્રસારિત થયો એ સમયે જોઈના શક્યા હોય, તે દર્શકો માટે આ કાર્યક્રમનો રિપીટ ટેલિકાસ્ટ ડીડી ગિરનાર ચેનલ ઉપર તા. ૪ એપ્રિલ ૨૦૧૭ના રોજ રાત્રે ૧૧.૩૦થી ૧૨.૦૦ દરમિયાન પણ થયો હતો.

કાર્યક્રમ દરમિયાન શ્રી શાહે ગુજરાત સરકારની ઉજાલા ગુજરાત યોજનાને મળી રહેલા વ્યાપક પ્રતિસાદ અંગે ખુશી વ્યક્ત કરી હતી. શ્રી શાહે ઉજાલા ગુજરાત યોજના થકી વીજ ગ્રાહકો વીજ બચત અંગે ગંભીરતાથી વિચારી રહ્યા છે અને તેની બચત અંગે યોગ્ય પગલાં પણ લઈ રહ્યા છે તે જાણીને આનંદ વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમ દરમિયાન શ્રી શાહે દર્શકોને ઉજાલા ગુજરાત યોજનાને લગતા વિવિધ પ્રશ્નો વિષે માહિતી આપી હતી અને આ યોજનાને વધુ સફળ બનાવવા દર્શકોને આહવાન પણ કર્યું હતું. શ્રી શાહે સરકારશ્રીની આ પહેલને પ્રોત્સાહન આપવા દર્શકોને અપીલ પણ કરી હતી.

ઉજાલા ગુજરાત યોજના હેઠળ ગુજરાત રાજ્યના વીજ ગ્રાહકોને વીજ બચતને પ્રોત્સાહન આપે તેવા વીજ કાર્યક્ષમ ગુણવત્તા ધરાવતા એલ.ઈ.ડી. બલ્બ, ટ્યુબલાઈટ અને







પંખાનું વિતરણ ઉત્તર ગુજરાત વીજ કંપનીની દરેક કચેરીએ થાય છે, જેથી ગ્રાહકોમાં વીજ બચત અંગે જાગૃતિ આવે અને ગ્રાહકો વીજળી માટે વપરાતા પૈસા પણ બચાવી શકે.

હાલ દેશભરમાં અમલી ''ઉજાલા'' યોજનાને ગુજરાતના વીજ ગ્રાહકો દ્વારા ખાસ પ્રતિસાદ મળી રહ્યો છે. ■



# યુજીવીસીએલ દ્વારા તેરમા કંપની દિનની ઉજવણી



તા. ૦૧/૦૪/૨૦૦૫થી વ્યવસાયિક ધોરણે કાર્યરત ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ૦૧/૦૪/૨૦૧૭ના રોજ તેરમા કંપની દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવેલ હતી. આ પ્રસંગે યુજીવીસીએલ કોર્પોરેટ ઓફિસમાં આવેલી ઊર્જા રિક્રિએશન ક્લબ ખાતે સવારે ૧૧.૦૦ કલાકે કેમ્પસમાં આવેલ યુજીવીસીએલની તમામ કચેરીઓના કર્મચારી ભાઈઓ તથા બહેનોની ઉપસ્થિતિમાં કંપનીના ઉચ્ચ અધિકારીઓ તથા કર્મચારીઓએ ઉપસ્થિત રહીને એક બીજાને શુભેચ્છા પાઠવેલ. સમગ્ર કંપનીની તમામ પેટા-વિભાગીય કચેરી, વિભાગીય કચેરી તથા ૪ (ચાર) સર્કલ ઓફિસમાં એક જ સમયે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી.એ. શાહ દ્વારા નીચે જણાવ્યા મુજબનો શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવેલ. જે કંપનીના એડીશનલ જનરલ મેનેજર (એચ.આર) શ્રી એ.સી. પ્રજાપતિ દ્વારા વંચાણમાં લેવામાં આવેલ.

**અક્ષરશઃ** આપ જાણોછો કે રાજ્યના વિદ્યુત બોર્ડને પુનર્ગઠિત કરી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની વર્ષ ૨૦૦૩માં સ્થાપના થઈ અને ૦૧ એપ્રિલ ૨૦૦૫થી કંપની કાર્યરત થઈ, તેથી દર વર્ષે ૦૧ એપ્રિલના શુભ દિવસને ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ ''કંપની દિન'' તરીકે ઉજવે છે.

કંપની દિને ઉત્તર ગુજરાત વીજ કંપનીની તમામ કચેરીઓ ખાતે કાર્યરત તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારી ભાઈઓ-બહેનોને હું શુભેચ્છા પાઠવું છું, કે જેમના સહિયારા પુરુષાર્થ થકી ઉત્તર ગુજરાત વીજ કંપની આજે આ મુકામે પહોંચી છે.

મને ગર્વ છે કે ઉત્તર ગુજરાત વીજ કંપની ઉત્તર ગુજરાતના તમામ શહેરો તથા અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં સાતત્યપૂર્ણ તથા ગુણવત્તા સભર વીજ પુરવઠો પૂરો પાડી રહેલ છે અને સરકારશ્રીની વિવિધ યોજનાઓનો હકારાત્મક ધોરણે અમલ

કરી પ્રજાલક્ષી કર્યો પણ સફરતા પૂર્વક કરી રહેલ છે.

આ શુભ દિવસે હું ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડમાં કર્તવ્ય નિષ્ઠા સાથે કામ કરતા તમામ કર્મચારીઓનો આભાર માનું છું, કે જેમના સતત પ્રયત્નોના કારણે આપણી કંપનીને ગત વર્ષે પ્રતિષ્ઠિત એવોર્ડ જેવા કે ''સીબીઆઈપી એવોર્ડ, ઈન્ડિયા પાવર એવોર્ડ અને આઈસીએઆઈ''નો એક્સલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ એવોર્ડ મળેલ છે.

મિત્રો મારું માનવું છે કે આપણે વીજ બચત અને વીજ સુરક્ષાને લગતી તમામ બાબતોને ધ્યાનમાં રાખીને કામ કરવાનો આગ્રહ રાખવો જોઈએ.

કંપની દિન નિમિત્તે આજે આપણે નિશ્ચય કરીએ કે આપણે સૌ સાથે મળીને આવા જ કર્યો કરતા રહીશું કે જેથી ઉત્તર ગુજરાત વીજ કંપની રાષ્ટ્રીય કક્ષાએ પોતાની આગવી ઓળખ બનાવી રાખે.

તો આવો, રાજ્ય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપની તરીકે લોકોની સેવા કરવાની જે અમૂલ્ય તક આપણને મળી છે તેને આપણે સૌ સાર્થક બનાવીએ અને કંપનીની શાખને વધુ ઊંચી લઈ લઈ જઈએ...

જય જય ગરવી ગુજરાત. ■







# વય મર્યાદાને લીધે નિવૃત્ત થનાર કર્મચારી શ્રી એ.કે. મોદી, કાર્યપાલક ઈજનેરનો વિદાય સમારંભ

યુજીવીસીએલની મહેસાણા ખાતેની કચેરીમાં સ્ટોર પરચેઝ વિભાગમાં કાર્યપાલક ઇજનેર તરીકે પોતાની ફરજ બજાવતા અને તા. ૩૦/૦૪/૨૦૧૭ના રોજ વય મર્યાદાને લીધે નિવૃત્ત થતા શ્રી એ.કે. મોદીના સન્માનમાં કંપનીના કોન્ફરન્સ હોલ ખાતે વિદાય સમારંભનું બપોરે ૩-૦૦ કલાકે આયોજન કરવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મહા પ્રબંધક (એચ.આર)









શ્રી એ.સી. પ્રજાપતિ, અધિક્ષક ઈજનેર (ટેક) શ્રી જે.કે. દરજી, નાયબ મહાપ્રબંધક (એચ.આર) શ્રી એન.બી. બલાત અને કંટ્રોલર ઓફ એકાઉન્ટ્સ શ્રી કે.વી. મેવાડા કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીભાઈઓ તથા બહેનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ. અધિક્ષક ઈજનેર (ટેક) શ્રી જે.કે. દરજી દ્વારા પ્રાસંગિક પ્રવચનમાં ઉપસ્થિત કર્મચારીઓને આવકારી નિવૃત્ત થઈ રહેલ કર્મચારીને શુભેચ્છા પાઠવેલ.

નાયબ મહાપ્રબંધક (એચ.આર) શ્રી બલાતે નિવૃત્ત કર્મચારીને પુષ્પ ગુચ્છથી સન્માનિત કરેલ અને વિશેષ મહા પ્રબંધક (એચ.આર) શ્રી પ્રજાપતિએ નિવૃત્ત કર્મચારીને શુકન શુભેચ્છા તથા શાલ અર્પણ કરેલ, કંટ્રોલર ઓફ એકાઉન્ટ્સ મેવાડાએ નિવૃત્ત કર્મચારીને ચેક અર્પણ કરેલ ત્યાર બાદ વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી ત્રિવેદીએ નિવૃત્ત કર્મચારીને સન્માનપત્ર અર્પણ કરેલ.

વિદાય લેતા કર્મચારીના સાથી કર્મચારી શ્રી એ.એમ. પઠાણે નિવૃત્ત કર્મચારીના શાલીન અને સરળ સ્વભાવની નોંધ લઈને તેઓની કામગીરીને બિરદાવી હતી અને નિવૃત્તિ અંગેની શુભેચ્છાઓ પાઠવેલ.

નિવૃત્તિ લઈ રહેલ કર્મચારીએ પોતાના અનુભવો યાદ કરીને કારકિર્દી દરમિયાન સાથ અને સહકાર આપનાર તમામ કર્મચારીઓ અને અધિકારીઓનો હૃદયપૂર્વક આભાર માનેલ. નિવૃત્તિ સમારંભમાં હાજર રહેલ વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી ત્રિવેદીએ નિવૃત્તિ લઈ રહેલ કર્મચારીનું શેષ જીવન સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્યપ્રદ રહે તેવી શુભેચ્છા પાઠવેલ તથા કારકિર્દી દરમિયાન તેઓની સેવાઓને બિરદાવી હતી. આ સાથે ભવિષ્યમાં જરૂર પડ્યે તેઓની સેવા પ્રાપ્ત કરવાની ખાત્રી મેળવેલ.

અંતમાં નાયબ ઈજનેર શ્રી આર.જે. રામીએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓનો આભાર વ્યક્ત કરેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કંપનીના સહાયક સચિવ (એચ.આર) શ્રી પી.જી. બ્રહ્મભટ્ટે કરેલ અને આ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર આઈ.આર. વિભાગના કર્મચારીઓનું યોગદાન રહેલ. ■






# સી.એસ.આર. પ્રોજેક્ટનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ

## જનરલ મેનેજર (ફાઈનાન્સ) અને સી.એફ.ઓ. શ્રી આર. બી. કોઠારી અને કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોષી દ્વારા કરવામાં આવેલ

તા. ૨૭ એપ્રિલ ૨૦૧૭ના રોજ બપોરે ૪ કલાકે અમદાવાદ ખાતે પર્લ વોકેશનલ સેન્ટરનું ઉદ્‌ઘાટન કંપનીના જનરલ મેનેજર (ફાઈનાન્સ) અને સી.એફ.ઓ. શ્રી આર. બી. કોઠારી અને કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોષી દ્વારા રિબન કાપીને કરવામાં આવ્યું.

આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી. એ. શાહ, આઈએએસ દ્વારા કરવામાં આવનાર હતું, પરંતુ અનિવાર્ય સંજોગોના કારણે શ્રી શાહ તથા મુખ્ય ઈજનેર (ઓપરેશન) અને ઇન્ચાર્જ મુખ્ય ઈજનેર (પી.પી.) શ્રી એ. કે. મંગલ આ કાર્યક્રમમાં આવી ના શકતા, આ ઉદ્‌ઘાટન વિધિ શ્રી કોઠારી તથા શ્રી જોષી દ્વારા સયુંક્તપણે કરવામાં આવી.

આ ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં એડિશનલ જનરલ મેનેજર (એચ.આર.) શ્રી એ. સી. પ્રજાપતિ તથા મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન) શ્રી કે. કે. સથવારા પણ ઉપસ્થિત રહ્યા હતા.

પર્લ સ્પેશિયલ નીડઝ ફાઉન્ડેશન દ્વારા અમલી આ પ્રોજેક્ટમાં સામેલ કિશોરમિત્રો અને તેમના માતા-પિતાને ગુજરાત સીએસઆર ઓથોરિટી દ્વારા આ કાર્યક્રમ માટે ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

ગુજરાત સીએસઆર ઓથોરિટી વતી તેઓના પ્રોજેક્ટ ઓફિસર શ્રીમતી ડેનિશા અગ્રાવત પણ હાજર રહ્યા હતા.

પર્લ સ્પેશિયલ નીડઝ ફાઉન્ડેશનના ડો. ગ્રીવા શાહ, શ્રીમતી સોનિયા પરીખ, શ્રીમતી બીજલ ફડિયા અને તેમના સ્ટાફ દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

સ્પેશિયલ બાળમિત્રોએ ઉત્સાહભેર આ સમારંભમાં ભાગ લીધો હતો અને કાર્યક્રમથી સંબંધિત વિવિધ જવાબદારીઓ પણ ખૂબ સરસ રીતે સંભાળી હતી. કાર્યક્રમ દરમિયાન શ્રી જોષીએ મેનેજિંગ ડિરેક્ટર શ્રી શાહની અનુપસ્થિતિમાં તેઓનો











શુભેચ્છા સંદેશ પણ વાંચી સંભળાવ્યો હતો, જે સાંભળીને બાળકોમાં અનેરા ઉત્સાહની લાગણી ફેલાઈ ગઈ હતી.

પોતાના વક્તવ્યમાં શ્રી જોષીએ પર્લ ફાઉન્ડેશનના સભ્યોના પ્રશંસનીય કામને બિરદાવ્યું હતું અને ખાસ બાળમિત્રોને જીવનમાં આર્થિક સદ્ધરતા અને સ્વતંત્રતા માટે પૂરતા પ્રયત્નો કરવા પ્રેરણા આપી હતી.

પર્લ ફાઉન્ડેશનના ડો. ગ્રીવા શાહે આપણી કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી. એ. શાહ અને સી.એસ.આર. પ્રવૃત્તિઓ માટે કાર્યરત કંપનીની સી.એસ.આર. કમિટી અને સી.એસ.આર. સેલના સભ્યોનો ખાસ આભાર માન્યો હતો કે જેમના કારણે આવા ખાસ બાળકોને પોતાના આવનાર જીવનમાં પગભર બનાવવા માટે એક ખાસ સ્કિલ ડેવેલપમેન્ટ પ્રોગ્રામ અર્થે અનુદાન મળેલ છે.

કાર્યક્રમ દરમિયાન ખાસ બાળમિત્રોના માતા-પિતાઓ પણ પોતાની ફરજ કરતા વધારે ગણીને આવા બાળમિત્રોને પ્રોત્સાહન આપવા માટે જે અથાગ પ્રયત્નો કરે છે તેની સમજ આપી હતી અને કંપનીના આવા વિશિષ્ટ અભિગમને બિરદાવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન શ્રી કોઠારી, શ્રી જોષી, શ્રી પ્રજાપતિ અને શ્રી સથવારાએ પર્લ વોકેશનલ સેન્ટરની મુલાકાત પણ લીધી હતી, જેમાં આ ખાસ બાળમિત્રોએ તે સેન્ટરમાં ચાલતા વિવિધ વોકેશનલ સ્કિલ ડેવેલપમેન્ટ મોડ્યુલ્સની જાણકારી આપી હતી.


અત્રે ઉલ્લેખનીય છે કે આપણી કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી. એ. શાહના માર્ગદર્શન હેઠળ કાર્યરત કંપનીના સી.એસ.આર. સેલ દ્વારા ગત નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન રૂપિયા ૬૦ લાખનો ફાળો ગુજરાત સીએસઆર ઓથોરિટીને એક પ્રોજેક્ટ અર્થે અર્પણ કરવામાં આવ્યો હતો. કંપનીની સી.એસ.આર કમિટી દ્વારા મંજુર કરવામાં આવેલ આ વિશિષ્ટ પ્રોજેક્ટમાં શારીરિક કે માનસિક તફાવત ધરાવતા ખાસ બાળકો (સ્પેશિયલ ચિલ્ડ્રન) કે જેમની ઉંમર ૧૫-૧૮ વર્ષની આસપાસ હોય, તેવા કિશોરમિત્રોને સ્વાવલંબી બનાવવા માટે તૈયાર કરવામાં આવનાર છે.

ગુજરાત સી.એસ.આર. ઓથોરિટીના આ પ્રોજેક્ટનું સંચાલન પર્લ સ્પેશિયલ નીડઝ ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા કરવામાં આવનાર છે. ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં સી.એસ. આર. (કોર્પોરેટ સામાજિક જવાબદારી)ની કામગીરીના વધુ ઝડપી અને ગુણવત્તાકીય અમલીકરણ માટે ગુજરાત સી.એસ. આર. ઓથોરિટીની સ્થાપના કરવામાં આવી છે. ■









# મહિલા કર્મચારીઓ માટે યોજાયો હેલ્થ સેમિનાર




## આપણી કંપનીના એચ.આર. સેક્શન દ્વારા હેલ્થ સેમિનારનું આયોજન કરવામાં આવેલ

ઉત્તર ગુજરાત વીજ કંપની પોતાના કર્મચારીભાઈઓ અને બહેનોના સ્વાસ્થ્ય માટે સદાય ચિંતિત હોય છે. કર્મચારીઓમાં ખાસ કરીને મહિલા કર્મચારીઓને લગતા વિવિધ સ્વાસ્થ્ય સંબંધિત વિષયો પર મહિલા કર્મચારીઓને સાચી સમજ મળે અને જો જરૂર જણાય તો યોગ્ય નિદાનની જાણકારી મળે તે હેતુથી મહિલા કર્મચારીઓ માટે એક ખાસ હેલ્થ સેમિનારનું આયોજન આપણી કંપનીના એચ.આર. સેક્શન દ્વારા કર્યું હતું.

એડિશનલ જનરલ મેનેજર (એચ. આર.) શ્રી એ. સી. પ્રજાપતિના જણાવ્યા મુજબ પોતાના ઘરની જવાબદારીઓ સાથે મહિલા કર્મચારીઓ જે નિષ્ઠા અને ધગશથી ઓફિસમાં કામ કરતી હોય છે, તેમાં સ્વાભાવિક છે કે તેઓ પોતાના સ્વાસ્થ્યને લગતી ઘણી સમસ્યાઓ વિષે ક્યારેક ઓછી સમજના કારણે તો ક્યારેક સમયના અભાવે ઉદાસીન હોય છે. આવી પરિસ્થિતિઓમાં જો કંપની પોતાની કર્મચારી બહેનો પ્રત્યે પોતાની નૈતિક જવાબદારીને ધ્યાનમાં રાખીને આવી બહેનોને સ્વાસ્થ્ય માટે જાગૃતિ લાવવામાં મદદરૂપ થઈ શકે તો મહિલા કર્મચારીઓમાં પણ આ બાબતે સભાનતા







કેળવાય.

આ માટે કંપની દ્વારા મહિલા અધિકારીઓ તથા કર્મચારી બહેનો માટે એક ખાસ હેલ્થ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું કે જેમાં શેલ્બી હોસ્પિટલ, અમદાવાદના મહિલા ડોક્ટર્સની એક ટીમે આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ ટીમમાં સામેલ હતા - ડો. રશ્મિ ચોવટીયા, એમ. ડી. - હેલ્ધી લાઈફ સ્ટાઇલ, ડો. મિતાલી વસાવડા, એમ. ડી. - ગાયનેકોલોજિસ્ટ અને ડો. અદિતિ શર્મા, કેન્સર સ્પેશિયાલિસ્ટ.


**કર્મચારી બહેનો માટે એક ખાસ હેલ્થ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું કે જેમાં શેલ્બી હોસ્પિટલ, અમદાવાદના મહિલા ડોક્ટર્સની એક ટીમે આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.**

તા. ૦૬ એપ્રિલ ૨૦૧૭ના રોજ કંપનીની કોર્પોરેટ ઓફિસના નવા બિલ્ડીંગમાં બપોરે ૨.૩૦ વાગ્યાથી સાંજે ૦૫.૦૦ વાગ્યા સુધી આ ડોક્ટર્સ સાથે કંપનીની અલગ અલગ કચેરીઓ ખાતે કાર્યરત મહિલા કર્મચારીઓએ ઉત્સાહભેર હાજર રહીને સ્વાસ્થ્ય સંબંધિત વિવિધ વિષયો પર ચર્ચા કરી હતી અને જાણકારી મેળવી હતી. ■

# ગુજરાત સીએસઆર એવોર્ડ્સ ૨૦૧૭ - એક વિશિષ્ટ પહેલ




તા. ૧૦ માર્ચ ૨૦૧૭ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન, અમદાવાદ ખાતે નેશનલ સીએસઆર કોન્ક્લેવ અને ગુજરાત સીએસઆર એવોર્ડ્સ ૨૦૧૭નો ભવ્ય કાર્યક્રમ ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો.


GCSRA
GUJARAT CSR AUTHORITY
An Initiative by Government of Gujarat
Corporate Social Responsibility Awards 2017
INVITATION
We cordially invite your gracious presence to the GCSRA's Corporate Social Responsibility Awards'17. Your presence will add tremendous value to the Awards felicitation ceremony and we look forward to having you with us.
March 10th, 2017 from 11:00 a.m. onwards at Ahmedabad Management Association, Ahmedabad
M. Sahu, IAS (Retd.) Chairman Gujarat CSR Authority
A.M. Tiwari, IAS Chief Executive Officer Gujarat CSR Authority

આ સમારંભમાં વિવિધ કોર્પોરેટ્સ અને સરકારી નિગમો, કોર્પોરેશનો અને સામાજિક કાર્ય સાથે જોડાયેલ વિવિધ એકમોના વડાઓ, સામાજિક કાર્ય સાથે સંકળાયેલ તજ્જ્ઞોએ અને અન્ય મહાનુભાવોએ ભાગ લીધો હતો.

ગુજરાત સીએસઆર એવોર્ડ્સ, એ ગુજરાત સીએસઆર ઓથોરિટી દ્વારા અગાઉ વર્ષમાં અમલી વિવિધ પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન કરી અને તે પ્રોજેક્ટ્સની સમાજના વિકાસ પર થતા હકારાત્મક અને પ્રશંસનીય કાર્યોને પ્રોત્સાહન આપવા માટેની એક વિશિષ્ટ પહેલ છે.

ગુજરાત સીએસઆર ઓથોરિટી દ્વારા રાજ્યમાં વિવિધ વિકાસ માનાંકો તેમજ તેના પડકારોને ધ્યાનમાં રાખીને વિવિધ વિકાસ કાર્યક્ષેત્રોની પસંદગી કરવામાં આવી.

આ કામગીરી ઉપરાંત કોર્પોરેટ ક્ષેત્ર, સરકાર અને સમુદાય આધારિત સંસ્થાઓ સાથે જોડાણ કરીને સીએસઆરના ક્ષેત્રોમાં ભાગીદારીપૂર્વકનું વાતાવરણ ઊભું કરી ટકાઉ વિકાસને ઉત્તેજના આપવાના અભિગમ સાથે કામગીરી કરાય છે.

ગુજરાત સીએસઆર ઓથોરિટી દ્વારા અગ્રણી જ્યુરીની દેખરેખ હેઠળ ત્રિ-સ્તરીય મૂલ્યાંકન પદ્ધતિ દ્વારા વિવિધ શ્રેણીઓમાં એવોર્ડ્સ આપવામાં આવ્યા હતા.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તક ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિમિટેડ આ એવોર્ડ્સ સમારંભની સિલ્વર પાર્ટનર હતી, જેમાં કંપનીના કંપની સેક્રેટરી શ્રી વી.પી. જાની અને ઇન્ચાર્જ જનરલ મેનેજર (એચઆરએ) શ્રી એમ.ડી. બાજવાએ હાજરી આપી હતી. આપણી કંપનીના મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન) શ્રી કે. કે. સથવારાએ આ એવોર્ડ્સ સમારંભમાં ભાગ લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં સીએસઆર (કોર્પોરેટ સામાજિક જવાબદારી)ની કામગીરીના વધુ ઝડપી અને ગુણવત્તાકીય અમલીકરણ માટે ગુજરાત સીએસઆર ઓથોરિટીની સ્થાપના કરવામાં આવી છે. ■

# કંપની ખાતે જાતીય સતામણીના કિસ્સાઓ અંગે કમિટીની રચના



ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ પોતાની તમામ કચેરીઓ ખાતે કાર્યરત મહિલા અધિકારીઓ તથા કર્મચારી બહેનોને પ્રોત્સાહન આપવા માટે સદૈવ તત્પર હોય છે. આપણી કંપની ખાતે કામકાજ સમય દરમિયાન કર્મચારીબહેનો સાથે જાતીય સતામણીની ઘટનાઓ ના બને અને કોઈ કારણસર જો બને તો તેવા કિસ્સાઓમાં યોગ્ય તપાસ કરી નિષ્પક્ષ અને સાચી માહિતી કંપની મેનેજમેન્ટ સમક્ષ રજુ કરી શકાય તે માટે કંપનીના એચ. આર. સેક્શન દ્વારા એક ખાસ કમિટીની રચના કરવામાં આવી છે.

આ કમિટી આપણી કંપનીની કર્મચારીબહેનોની જાતીય સતામણીને લગતા વિષયના અનુસંધાને બહેનોને માહિતી પુરી પાડશે અને આવા કિસ્સાઓમાં યોગ્ય મદદ પુરી કરશે કે જેથી આપણી કંપનીમાં આ પ્રકારના કિસ્સાઓ બને જ નહિ અને કર્મચારીબહેનો કામકાજ સમયમાં હૂંફ અને ઘર જેવી લાગણી અનુભવી શકે.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના માર્ગદર્શન હેઠળ રચાયેલ આ કમિટી આપણી કંપનીની મહિલા કર્મચારીઓ માટે સરકારશ્રીના સ્ત્રી સશક્તિકરણના અભિગમને સાચા અર્થે સાર્થક બનાવશે.

**કમિટી સભ્યોની યાદી નીચે પ્રમાણે છે**

| ક્રમ | નામ અને હોદ્દા | કાર્યસ્થળ | કમિટીમાં હોદ્દો |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી એમ.પી. શાહ<br>એક્ઝિક્યુટીવ એન્જિનીયર | ગાંધીનગર ડિવિઝન | ચેરમેન |
| ૨. | શ્રી પી.પી. બારોટ, કાયદા અધિકારી | આરએન્ડસી ઓફિસ, મહેસાણા | સભ્ય |
| ૩. | શ્રી વી.જે. સ્હેજવાણી<br>ડેપ્યુટી એન્જિનીયર | ઈએમસી, ગાંધીનગર,<br>ઓએન્ડએમ ડિવિઝન | સભ્ય |
| ૪. | શ્રીમતી જે.એસ. શાહ, ડેપ્યુટી સુપ્રિ. એકાઉન્ટ્સ | આરએન્ડસી ઓફિસ, મહેસાણા | સભ્ય |
| ૫. | શ્રી એચ.એસ. પંડ્યા, સિનિયર આસીસ્ટન્ટ | સાબરમતી સર્કલ ઓફિસ | સભ્ય |
| ૬. | શ્રી આર.એચ. ત્રિવેદી, ડેપ્યુટી સુપ્રિ. એકાઉન્ટ્સ | સાબરમતી સર્કલ ઓફિસ | સભ્ય |
| ૭. | શ્રીમતી એ.વી. રાવલ | જીઈકેસી, મહેસાણા સર્કલ ઓફિસ | સભ્ય |
| ૮. | શ્રી એચ.એમ. પાંડોર, આસિસ્ટન્ટ સેક્રેટરી | મહેસાણા સર્કલ ઓફિસ | સભ્ય |
| ૯. | શ્રીમતી એસ.એ. પટેલ, જુનિયર એન્જિનીયર | સલાલ સબડિવિઝન | સભ્ય |
| ૧૦. | શ્રી ટી.આર. મોદી, એકાઉન્ટસ ઓફિસર | હિંમતનગર સર્કલ ઓફિસ | સભ્ય |
| ૧૧. | શ્રીમતી જી.એન. પટેલ, ડેપ્યુટી એન્જિનીયર | પાલનપુર સર્કલ ઓફિસ | સભ્ય |
| ૧૨. | શ્રી વાય.એ. ઘોરી, ઇન્ચાર્જ આસી. સેક્રેટરી | પાલનપુર સર્કલ ઓફિસ | સભ્ય |
| ૧૩. | શ્રીમતી શિલ્પાબેન પટેલ | એનજીઓ – શાંતવાન અમૃત<br>ચેરીટેબલ ટ્રસ્ટ, મહેસાણા | એન.જી.ઓ. સભ્ય |

# બહુચરાજી ખાતે ત્રિદિવસીય ચૈત્રી પૂનમના મેળામાં સફળ વીજ વિતરણની વ્યવસ્થા

દર વર્ષની જેમ આ વર્ષે પણ બહુચરાજી ખાતે યોજાયેલા ચૈત્રી પૂનમના મેળા નિમિત્તે તેમ જ ચૈત્રી નવરાત્રીના પર્વના ૧૫ દિવસ દરમિયાન આશરે ૧૫ લાખ શ્રદ્ધાળુઓ દર્શન કરે તેવી શક્યતાને ધ્યાનમાં લઈને ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી.એ. શાહના માર્ગદર્શન હેઠળ તેમ જ કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ.કે. મંગલના નેતૃત્વ હેઠળ અધિક્ષક ઈજનેર શ્રી વી.એમ. શ્રોફની મહેસાણા સર્કલની ટીમ દ્વારા આગોતરું આયોજન કરવામાં આવેલ.

મહેસાણા સર્કલના મહેસાણા ડિવિઝન હેઠળના બહુચરાજી સબ-ડિવિઝનના નાયબ ઈજનેર શ્રી બી.વી. ફેરા અને તેમના સ્ટાફ દ્વારા આ કામગીરીનું આયોજન હાથ ધરવામાં આવેલ જેથી વીજ વિતરણની કામગીરી વિના વિક્ષેપે પૂર્ણ થઈ શકી છે. સમગ્ર કામગીરીમાં અધિક્ષક ઈજનેરથી માંડીને હેલ્પર સુધીના કર્મચારીઓને વિવિધ કામગીરી સોંપવામાં આવેલ.

મેળા દરમિયાન આજુબાજુના વિસ્તારમાં વીજપુરવઠો સતત વિના વિક્ષેપે જળવાઈ રહે તે માટે તમામ સબ-સ્ટેશનમાં ૨૪ કલાક સ્ટાફની પણ ડ્યુટી ગોઠવવામાં આવેલ, જેથી કોઈ પણ તાકીદની સ્થિતિને પહોંચી વળી શકાય.

સતત વીજ વિતરણ વ્યવસ્થા જળવાઈ રહે તેમાટે બહુચરાજી પહોંચવાના તમામ રસ્તાઓમાં રસ્તે ચાલતા





પદયાત્રીઓને પીવાના પાણીની અગવડ ન પડે તેમ જ અન્ય જરૂરિયાતો માટે પણ સતત પાણી મળી રહે તે માટે રસ્તા ઉપરના ફીડરોમાંથી અગ્રિકલ્ચરના તમામ વીજ જોડાણને જરૂરિયાત મુજબ વીજ પુરવઠો મળે તે માટે તેમ જ બહુચરાજી મુકામે પહોંચતી અને પસાર થતી તમામ વીજ લાઈનોમાં ક્યાંય વીજ વિક્ષેપ ઊભો ન થાય અને જો થાય તો તરત જ તેનું નિવારણ થઈ જાય તે માટે આયોજન કરવામાં આવેલ.

આ ઉપરાંત બહુચરાજી મંદિર ટ્રસ્ટ અને જિલ્લા તંત્ર તેમ જ સ્થાનિક ગ્રામ પંચાયતના સહયોગથી યાત્રિકોને વિના મૂલ્યે ભોજનનું આયોજન કરવામાં વાવ્યું હતું જેનું ઉદ્‌ઘાટન બહુચરાજીના ધારાસભ્ય રજનીભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેકટર અને વહીવટદાર શ્રી એચ.આર. મોદીના જણાવ્યા મુજબ પૂનમના દિવસે સવારે ૯ વાગ્યાથી



રાત્રીના ૯ વાગ્યા સુધી બહુચર ભોજનાલયમાં યાત્રિકોને વિના મૂલ્યે ભોજન આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે વિશ્રામ માટે મંદિર પરિસર, એરાઇવલ પ્લાઝા, જૂનો બગીચો, નાની માતા મંદિર અને વલ્લભ ભટ્ટની જગ્યાએ વ્યવસ્થા કરાઈ હતી. માતાજીની સવારી મૂળ સ્થાનક શંખલપુર ધામે ગઈ તે સમયે વિશેષ પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. તેમ જ ગાર્ડ ઓફ ઓનરથી સલામી અપાઈ હતી.

પૂનમની રાત્રીએ સમગ્ર ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્રભરમાંથી મોટી સંખ્યામાં પગપાળા સંઘો માતાજીના ધામમાં આવી પહોંચ્યા હતા. સમગ્ર બહુચરાજી પંથકમાં તમામ માર્ગો પર ભક્તો હાથમાં લાલ ધજાઓ તેમ જ માનો રથ ખેંચીને નિજ મંદિર પહોંચતા મંદિર પરિસરમાં ભક્તોની ભારે ભીડ દર્શન માટે જામી હતી. બોલ માડી બહુચર જય જય બહુચરના જયઘોષથી વાતાવરણ ધાર્મિક બની ગયું હતું.

ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા પદયાત્રીઓની સુરક્ષાને ધ્યાને લઈને અગત્યની સૂચનાઓ પાઠવવામાં આવેલ, એકંદરે ચૈત્રી પૂનમ બહુચરાજીનો મેળો સુખ શાંતિથી સંપન્ન થયો હતો. ■

## બહુચરાજી પેટા વિભાગીય કચેરી

# લાઈન સ્ટાફની જાગૃતતાથી મોટી દુર્ઘટના ટળી

બહુચરાજીમાં ગંજબજાર રોડ પર બુધવાર ૨૯ માર્ચ ૨૦૧૭ના રોજ બપોરના સમયે એક મેટાડોર રીવર્સ કરતી વખતે વીજથાંભલા સાથે ધડાકાભેર અથડાતા થાંભલો તૂટી ગયો હતો અને જીવંત વીજતાર મેટાડોર ઉપર પડ્યાં હતાં અને બહુચરાજી પેટા વિભાગીય કચેરીના લાઈન સ્ટાફ દ્વારા તુરંત વીજ પ્રવાહ બંધ કરી દેવામાં આવતા મોટી દુર્ઘટના થતા રહી ગઈ હતી. આ ઘટનાથી થોડા સમય માટે અફડાતફડી મચી જવા પામી હતી.

યાત્રાધામ બહુચરાજીમાં શંખલપુર રોડ પર બેન્ક ઓફ ઇન્ડિયાની સામે ૨૯ માર્ચ ૨૦૧૭ અને બુધવારના રોજ બપોરે ૧૨:૪૫ વાગે સિમેન્ટ ભરીને અચાનક આવેલા મેટાડોરના ચાલકની ભૂલના કારણે રીવર્સ લેતી વખતે રોડની સાઈડમાં રહેલા થાંભલાને ધડાકાભેર અથડાતા થાંભલો તૂટી ગયો હતો જેના કારણે જીવંત વીજતાર મેટાડોર ઉપર પડતા ગભરાટ ફેલાઈ ગયો હતો. જોકે લાઈન સ્ટાફની જાગૃતતાના કારણે વીજપ્રવાહ બંધ કરી દેતા મોટી દુર્ઘટના થતા રહી ગયેલ.

થાંભલો રોડ ઉપર પડતા થોડા સમય માટે શંખલપુર જતો આવતો વાહનવ્યહવાર અટકી ગયેલ ત્યાર બાદ વીજ કર્મચારીઓ દ્વારા થાંભલો હટાવી લેવાતા વાહનવ્યહવાર પૂર્વવત્ થયો હતો. બીજી તરફ થાંભલો પડી જતા આ વિસ્તારમાં વીજળી ડૂલ થઈ જતા તાત્કાલિક ધોરણે લાઈન સ્ટાફની કામગીરીથી ટૂંક જ સમયમાં વીજ પ્રવાહ ચાલુ કરી દેવામાં આવતા લોકોને રાહત થયેલ. લાઈન સ્ટાફની આવી પ્રસંશનીય કામગીરી બદલ ધન્યવાદને પાત્ર છે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું હતું. ■

# આપના કોઈ પરિચીતના ઘર કે ઓફિસમાં આવું જોવા મળે તો તરત જ તેમને વીજ સલામતીનાં પગલાંની સાચી સમજ આપો.



સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

UGVCL

આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
rbshukla.cccell@gmail.com
cccell@ugvcl.com